BUSINESS મિત્ર

ભારે વેચવાલીએ સેન્સક્સ 671 પોઇન્ટ અને નિફ્ટી 198 પોઇન્ટ તૂટયા

આઇટી-બેન્ક શેરોમાં ભારે વેચવાલીએ શેરબજારમાં કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 8. ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆતમાં બેઉતરફી તોફાની વધઘટ જોવા મળ્યું હતું, શરૂઆતમાં શેરબજાર એક પોઝિટિવ રૂખ સાથે ખુલ્યું હતું અને થોડા સમય સુધી સુધારાની ચાલ જોવા મળી હતી, પરંતુ પાછળથી આઇટી અને બેન્ક શેરોમાં ભારે વેચવાલીએ કડાકો બોલાયો હતો. એફએમસીજી, પીએસયુ બેન્ક શેરોમાં વેચવાલી રહી હતી, જ્યારે રિયલ્ટી, ટેલીકોમ અને મીડિયા શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. આમ, બે દિવસની તેજીનો સીલસીલો તૂટીને આજે નિફ્ટીએ 21550 પોઇન્ટની સપાટી તોડીને 21500ની નજીક બંધ રહી હતી. જ્યારે સેન્સેક્સમાં 671 પોઇન્ટો કડાકો બોલાઇને 71355 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

આરબીઆઇના આંકડા અનુસાર ભારતનો વિદેશી હુંડિયામણનો ભંડાર સતત સાતમા સપ્તાહે વધ્યો હતો. એટલું જ નહીં, સોનાનો ભંડાર પણ 85.3 કરોડ ડોલર વધ્યો છે.

સેન્સેક્સ 671 પોઇન્ટ અને નિફ્ટી 198 પોઇન્ટ તુટયા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 670.93 પોઇન્ટ એટલે કે 0.93 ટકા ઘટીને 71355.22 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 72182 પોઇન્ટ સુધી ઉછળ્યા હતા. આમ, ઇન્ટ્રાડેમાં 72000 પોઇન્ટની સપાટી કુદાવી હતી, જ્યારે નીચામાં 71301 પોઇન્ટ સુધી તૂટયા હતા. નિફ્ટી 197.80 પોઇન્ટ એટલે કે 0.91 ટકા તૂટીને 21600 પોઇન્ટની સપાટી તોડીને 21513 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 21764 પોઇન્ટ સુધી ઉછળી હતી. આમ, નિફ્ટી 21750 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 21493 પોઇન્ટ સુધી તૂટી હતી. બેન્ક નિફ્ટી 708.75 પોઇન્ટ એટલે કે 1.47 ટકા ઘટીને 47450.25 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં બેન્ક નિફ્ટી 48000 પોઇન્ટની સપાટી કુદાવી હતી.

બીએસઇ ખાતે જીએમઆર એરપોર્ટમાં 12.88 ગણા, ફોનીક્સ મીલ્સમાં 8.73 ગણા, ટ્રાઇડન્ટમાં 6.78 ગણા, ગરવારે ટેકનીકલ ફાઇબરમાં 5.92 ગણા, અને તાતા ટેલીમાં 4.38 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કેપ્રી ગ્લોબલમાં 41.61 ગણા, ટ્રાઇડન્ટમાં 11.46 ગણા, તાતા ટેલી 7.27 ગણા, એઆઇએ એન્જિનીયરીંગમાં 4.79 ગણા અને નેટવર્ક 18 મીડિયામાં 4.75 ગણા કામકાજ નોંધાયા છે.

આજે લાર્જકેપ શેરોની પાછળ બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.87 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.36 ટકા ઘટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નેગેટિવ જોવાઇ હતી. બીએસઇ ખાતે 1914 શેરો વધ્યા હતા, જ્યારે 2056 શેરો ઘટયા હતા અને 104 શેરો યથાવત રહ્યા હતા.

એનએસઇ એસએમઇ કૌશલ્ય લોજિસ્ટીકના ઇસ્યુનું આજે શાનદાર લિસ્ટીંગ થયું હતું. કંપનીનું 75 ટકા પ્રીમિયમ સાથે રૂ. 100ના ભાવ લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 75ના ભાવે ઓફર કરાયો હતો, જે 264.59 ગણા છલકાયો હતો.

બેન્ક શેરોમાં ભારે વેચવાલીમાં પીએસયુ બેન્ક શેરો વધુ તૂટયા હતા. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 2.52 ટકા તૂટયો હતો, જે છેલ્લા બે ટ્રેડિંગ સેસન્સમાં 2.89 ટકા ઘટયા હતા. જેમાં બેન્ક ઓફ બરોડા, સેન્ટ્રલ બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક, પીએનબી, યુકો બેન્ક, ઇન્ડિયન બેન્ક, ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક અને બેન્ક ઓફ મહારાષ્ટ્રમાં ઘટાડો જોવાયો હતો.

એશિયન બજારો મિશ્ર અને યુરોપિયન બજારો ઘટયા

વૈશ્વિક સ્તરે મોટા ભાગના એશિયન બજારોમાં ઘટાડો જોવાયો હતો, એકંદરે મિશ્ર વલણ રહ્યું હતું. જ્યારે યુરોપિયન બજારોમાં નરમાઇની ચાલ જોવા મળી રહી છે. ઓસ્ટ્રેલિયા અને જાપાનના મંગળવારે અને ગુરૂવારે ફુગાવાના ડેટા જાહેર થનારા છે, જ્યારે ચીન શુક્રવારે ડિસેમ્બરમાં તેના વેપાર સંતુલન અને ફુગાવાના આંકડા જાહેર કરનારા હોવાથી રોકાણકારોની તેની ઉપર નજર રહેલી છે. અમેરિકામાં અપેક્ષા કરતા વધુ મજબૂત જોબ ડેટાના કારણે અમેરિકી બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી. યુએસના અર્થતંત્રએ ડિસેમ્બરમાં ધારણા કરતાં ઘણી વધુ નોકરીઓ ઉમેરી હતી.

જેમાં નોનફાર્મ પેરોલમાં 2.16 લાખનો વધારો થયો છે અને બેરોજગારી દર 3.7 ટકા પર સ્થિર રહ્યો છે. રવિવારે કોંગ્રેસના નેતાઓએ સંભવિત સરકારી શટડાઉનને ટાળવા માટ ટોપલાઇન ખર્ચમાં 1.59 ટ્રીલીયનની જાહેરાત કરી હતી. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.30 ટકા, કેક 0.06 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.10 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં સ્ટ્રેઇટસ 0.09 ટકા, તાઇવાન 0.30 ટકા સુધર્યા હતા. જ્યારે હેંગસેંગ 1.92 ટકા, કોસ્પી 0.40 ટકા, જકાર્તા 0.92 ટકા અને શાંઘાઇ 1.44 ટકા તૂટયા હતા.

રૂપિયામાં વધુ 4 પૈસાનો સુધારો

અમદાવાદ, તા. 8. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો ધીમે ધીમે સુધરી રહ્યો છે, જેના લીધે આજે ડોલરની સામે રૂપિયો વધુ ચાર પૈસા સુધરીને 83.13ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 90.98, પાઉન્ડ 105.63, કેનેડિયન ડોલર 62.10, ઓસ્ટ્રેલિયન ડોલર 55.56, જાપાનીઝ યેન 0.5751, સીંગાપોર ડોલર 62.45ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-670.93	71355.22
નિફ્ટી	-197.80	21513.00
બેન્ક નિફ્ટી	-708.70	47450.30

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	1.26	1168.85
એચસીએલ ટેકનો	1.05	1447.90
ઓએનજીસી	0.69	217.95
હીરો મોટોકોર્પ	0.48	4009.50
એનટીપીસી	0.48	316.45

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
યુપીએલ	3.50	560.90
એસબીઆઇ	2.33	627.00
એસબીઆઇ લાઇફ	2.28	1421.05
ડીવીસ લેબ	2.01	3934.15
બ્રિટાનીયા	1.80	5177.35

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.02	1447.45
સન ફાર્મા	0.44	1305.60
એનટીપીસી	0.43	316.35
પાવરગ્રીડ	0.39	242.25
બજાજ ફાઇનાન્સ	0.38	7740.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	2.31	627.05
આઇટીસી	1.80	465.35
નેસલે ઇન્ડિયા	1.79	2619.20
ટેક મહિન્દ્રા	1.76	1227.05
એશિયન પેઇન્ટસ	1.76	3296.45

ચાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ ૩૫૧૬૪૪૬
સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.		૭૫/૩૬ ''	૧૨૩	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૫.૧૬	૫૦/૩૬ ''	૧૩૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
૩૦/૩૬ એફડી	૨૭૫.૨૫	૫૦/૪૮ SD/ક્રેપ	૧૯૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૨	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૭	૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩
૬૮/૩૬	૧૨૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૩૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૭	૧૦૦ ટેક્ષ	૧૨૬	૬૮ ક્રિમ્પ	૧૩૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૮
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૨૯	૭૫ ક્રિમ્પ	૧૨૭
૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૫	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૪
૮૦/૭૨ રોટો.	૧૨૮	૧૬૦ ડીસ્કેટ	૧૫૦	૮૦/૭૨ રોટો	૧૨૯
૮૦/૩૬ રોટો.	૧૨૭	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૯	૮૦/૧૦૮ ''	૧૩૯	૩૦/૩૬ એફડી	---

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૬૪૦૦૦
તેજાબી સોનું	૬૩૯૧૦
દાગીના-૨૨ કેરેટ	૬૦૮૦૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૬૨૭૨૦
સોનાનાં બિસ્કીટ	૬૪૦૦૦૦
ચાંદી (૯૯૯)	૭૩૩૮૫
ચાંદી સિક્કા	૭૪૮૮૫

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૮૫૦	કોપરેલ	૨૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૧૭૨૦
સીંગતેલ (૫ લી)	૯૦૦	સનફ્લાવર	૧૬૯૦
કપાસીયા (૧૫ કિ.)	૧૭૨૦	તલતેલ	૬૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૧૫૯૦	દિવેલ	૨૧૫૦
કપાસીયા (૫ લિ.)	૫૮૦	મકાઇ તેલ	૧૮૦૦
સરસીયું તેલ	૨૧૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૨૦૦
એમ-૩૦	૪૧૫૦
એસ-૩૦	૪૧૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૦૫૦
એસ-૩૦	૪૦૦૦

સોની ઇન્ડિયા-ઝી એન્ટરની મર્જર ડીલ રદ થઇ શકે

નવી દિલ્હી, તા. 8. સોની હવે ઝી એન્ટરટેઇનમેન્ટ સાથેના તેના ભારતીય એકમના મર્જર કરારને રદ કરવાની યોજના બનાવી રહી છે. આજે બ્લુમબર્ગના રિપોર્ટમાં જણાવ્યું કે, સોની ગ્રુપ કોર્પ અને ઝી એન્ટરટેનમેન્ટ એન્ટરપ્રાઇઝીસ લિમિટેડનું મર્જર બંધ કરવા માટે એક મહિનાનો ગ્રેસ પિરિયડ છે. 2021 માં, ઝીએ જાપાનની સોની કોર્પની પેટાકંપની સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા સાથે મર્જરની જાહેરાત કરી હતી, પરંતુ લેણદારોના વાંધા સહિત અન્ય કારણોસર મર્જર પૂર્ણ થયું નથી. આ મર્જરથી 10 બિલિયન ડોલર (લગભગ 83 હજાર કરોડ રૂપિયા)ની કંપની બની હોત.

24 ટકાથી વધુ વ્યૂઅરશિપ સાથે, ઝી પ્લસ સોની દેશનું સૌથી મોટું મનોરંજન નેટવર્ક હોત. સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા લાંબા સમયથી ભારતીય ટેલિવિઝન ઉદ્યોગમાં છે. કંપનીએ 1995માં ભારતમાં તેની પ્રથમ ટીવી ચેનલ સોની એન્ટરટેનમેન્ટ ટેલિવિઝન શરૂ કરી હતી.

ફ્લિપકાર્ટ લેઓફ: 1500 કર્મચારીઓની છટણી થવાની સંભાવના

મુંબઇ, તા. 8. વોલમાર્ટની માલિકીની દિગ્ગજ ઇ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ છટણીની તૈયારી કરી રહી છે. કંપની લગભગ 1500 કર્મચારીઓને નોકરીમાંથી કાઢવા જઇ રહી છે. આ કંપનીના કુલ વર્કફોર્સના લગભગ 5થી 7 ટકા છે. રિપોર્ટ મુજબ કંપની કર્મચારીઓના પ્રદર્શનની સમીક્ષા કરી રહી છે અને માર્ચ-એપ્રિલ 2024 સુધી તેને પુર્ણ કરી દેવામાં આવશે. કર્મચારીઓની કામગીરીના આધારે છટણીનો નિર્ણય લેવાનો છે. ફ્લિપકાર્ટમાં કુલ 22 હજાર કર્મચારી છે. અહેવાલો અનુસાર છટણીની અસર ફેશન પોર્ટલ મિન્ત્રા માટે કામ કરતા કર્મચારીઓ પર નહીં પડે. અહેવાલ અનુસાર ફ્લિપકાર્ટ તેના સંસાધનોને ઓપ્ટિમાઇઝ કરવા અને નફાકારક રહેવા માટે આંતરિક ફેરફારો પર પણ વિચારણા કરી રહ્યું છે.

સુત્રોના જણાવ્યા અનુસાર ફ્લિપકાર્ટે હાયરિંગ બંધ કરી દીધું છે અને ખર્ચ ઘટાડવા માટે ગત વર્ષથી નવા કર્મચારીઓની ભરતી કરી નથી. ફ્લિપકાર્ટ મુલ્યાંકન ચક્રના ભાગરૂપે ટીમોનું પુનર્ગઠન કરી રહ્યું છે. ફ્લિપકાર્ટ સહિત ઇકોમર્સ ઉદ્યોગ માટે 2023માં એકંદરે વ્યવસાયમાં વધઘટ થઇ હતી. જેથી હવે સુધારા કરવામાં આવી રહ્યા છે.

ઓટોમોબાઇલ જાયન્ટ બજાજ ઓટોના બાયબેકને મંજુરી

મુંબઇ, તા. 8: ટુ અને થ્રી-વ્હીલર કંપની બજાજ ઓટો લિમિટેડના બોર્ડે 8 જાન્યુઆરીએ રૂ.10,000ના ભાવે રૂ.4,000 કરોડના શેર બાયબેકને મંજૂરી આપી હતી. આ છેલ્લા બંધ ભાવથી 43 ટકાના પ્રીમિયમ પર છે. કંપની ટેન્ડર રૂટ દ્વારા 40 લાખ શેર ખરીદશે, જે બજાજ ઓટોના બાકી શેરના 1.41 ટકા નું પ્રતિનિધિત્વ કરે છે. બાયબેકમાં કંપનીના પ્રમોટર્સ પણ ભાગ લેશે. હાલ કંપનીમાં પ્રમોટર્સ 54.94 હિસ્સો ધરાવે છે. બાયબેક પોસ્ટલ બેલેટ દ્વારા વિશેષ ઠરાવ દ્વારા શેરહોલ્ડરોની મંજૂરીને આધિન છે. રેકોર્ડની તારીખો અને અન્ય વિગતો પછીથી જાહેર કરવામાં આવશે. ઘણા વર્ષોમાં બજાજ ઓટોનો આ બીજો શેર બાયબેક છે. જુલાઈ 2022માં ઓટો મેજરે હોલ્ડર્સ પાસેથી 2,500 કરોડ રૂપિયાના શેર 4,600 રૂપિયા પ્રતિ યુનિટના ભાવે ખરીદ્યા હતા.

અદાણી ગ્રુપ તમિલનાડુમાં રૂ.42,700 કરોડનું રોકાણ કરશે

ચેન્નાઈ: પોર્ટ્સ-ટુ-પાવર સમૂહ અદાણી ગ્રુપે સોમવારે તમિલનાડુ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ મીટ-2024માં રૂ.42,700 કરોડથી વધુના રોકાણ માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ દ્વારા આગામી 5-7 વર્ષમાં ત્રણ પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ (PSP)માં રૂ.24,500 કરોડનું સૌથી મોટું રોકાણ કરવામાં આવશે.

અદાણી કોનેક્સ આગામી સાત વર્ષમાં હાઇપરસ્કેલ ડેટા સેન્ટરમાં રૂ.13,200 કરોડનું રોકાણ કરશે.

જ્યારે અંબુજા સિમેન્ટ આગામી પાંચ વર્ષમાં ત્રણ સિમેન્ટ ગ્રાઇન્ડિંગ યુનિટમાં રૂ.3,500 કરોડનું રોકાણ કરશે. અદાણી ટોટલ ગેસ લિમિટેડ આઠ વર્ષમાં રૂ.1,568 કરોડનું રોકાણ કરશે.

તાતા જુથ વધુ એક આઇપીઓ લાવી રહી છે, તાતા ઓટોકોમ્પ સીસ્ટમ્સ લિ.નો

મુંબઈ, તા. 8. તાતા જુથે ઓટો કોમ્પોનન્ટસ મેન્યુફેક્ચરીંગ બિઝનેસ સાથે સંકળાયેલી તાતા ઓટોકોમ્પ સિસ્ટમ્સ અથવા ટાકોને લિસ્ટ કરવા માટે વાતચીત શરૂ કરી છે. ઔપચારિક પ્રક્રિયા આ વર્ષના અંતમાં શરૂ થવાની સંભાવના છે. હાલમાં આ પ્રારંભિક તબક્કામાં છે, અને હાલમાં તાતા જુથની કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે કંપનીમાં તેમનો હિસ્સો વેચશે. વળી આઇપીઓમાં શેર વેચવા માટે રાખવામાં આવશે. ટાકો તાતા જુથની કંપનીઓની સંપુર્ણ માલિકીની પેટા કંપની છે. તેનું ડાયરેકટ હોલ્ડીંગ તાતા સન્સ પાસે છે. તાતા સન્સની પાસે ટાકોમાં લગભગ 21 ટકા હિસ્સો છે, જ્યારે બાકીનો હિસ્સો તાતા ઇન્ડ. લિ. પાસે છે. ટાકોની સ્થાપના 1995માં થઇ હતી. ઉલ્લેખનીય છે કે, 2011માં તાતા જુથે ટાકો માટે આઇપીઓ દ્વારા મુડીબજારમાંથી રૂ. 750 કરોડ ઉભા કરવાની યોજના બનાવી હતી અને તેના માટે સેબીની મંજુરી પણ મેળવી લીધી હતી. બાદમાં બજારની સંભવિત પ્રતિકુળ પરિસ્થિતિઓને કારણે આ જુથને આઇપીઓ રદ કર્યો હતો.

જોકે, તે સમયે કોઇ કારણ આપ્યું નહતું. એવું પણ બની શકે છે કે, તાતા જુથ આઇપીઓ પહેલા કોઇ રોકાણકારને લાવવા માગે છે. જેમ કે તાતા ટેકનોલોજીના કિસ્સામાં થયું હતું.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

કડુ - હૃદય

કડુ ચૂર્ણ અને જેઠીમધ ચૂર્ણ સમ ભાગે ભેળવી ભરી રાખવું. એમાંથી રોજ 5 ગ્રામ ચૂર્ણ દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવું. ઉત્તમ ટોનિક છે. કોઈ હૃદય ને લગતી તકલીફ ન હોય તો રોજ ફક્ત એકવાર લેવું.

સુડોકુ - 'કૂટ' ૪૬૦૭

૫		૭			૪	૩		
			૭	૫				૬
		૧			૮	૫	૭	
	૪	૫	૬		૭		૧	૩
૯	૭		૫		૧	૬	૪	
૧	૩	૬	૮	૪		૭		૯
		૯			૫			
			૨		૯	૪	૬	૫
૪			૩	૭	૬	૯		૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૨	૯	૬	૭	૬	૭	૮	૨
૮	૬	૨	૯	૭	૨	૬	૬	૭
૭	૬	૭	૮	૬	૨	૯	૨	૬
૯	૮	૭	૨	૨	૭	૬	૬	૬
૭	૨	૬	૬	૬	૮	૨	૭	૯
૬	૬	૨	૭	૯	૬	૮	૨	૭
૨	૭	૮	૭	૨	૯	૬	૬	૬
૬	૭	૬	૬	૮	૭	૨	૯	૨
૨	૯	૬	૨	૬	૬	૭	૨	૮

૭૦૭૨-૧૬૬૭ ક્રિડિ

આજનું પંચાંગ

તા. 09/01/2024, મંગળવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1945
વીર સંવત : 2550 **માસ :** માગશર
તિથિ: વદ:- તેરસ:-22:26, ભૌમ પ્રદોષ. **અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
રાષ્ટ્રિય દિનાંક : પૌષ 19
નક્ષત્ર : જયેષ્ઠા:- 21:12 સુધી જન્મેલાની જયેષ્ઠા અને તે પછી મૂળની શાંતિ કરાવવી.
યોગ: વૃદ્ધિ **કરણ :** ગર
રાશિ : વૃશ્ચિક (ન.ચ.) 21:12 પછી ધન (ભ.ધ.ફ.ઢ)
દિવસ : અશુભ, શિવરાત્રિ
સુરતમાં સૂર્યોદય : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:12
નવકારસી : 08:07
પારસી વર્ષ : 1393, અમરદાદ માસનો 27મો રોજ
મુસલમાન વર્ષ : 1445, જમાદીઉલ આખર માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): પડવા-વાગવાથી અને ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. વાણી પર કાબૂ રાખવો.
વૃષભ (બ.વ.ઉ.): દાંપત્યજીવનમાં કડવાશ અને અસંતોષ વધે. નવા સામાજિક સંબંધોમાં તાલ મેળ રાખવો.
મિથુન (ક.છ.ઘ.): નોકર-ચાકર અને સહ કર્મચારીઓથી નુકસાન થઈ શકે છે. વિવાદ ટાળવો.
કર્ક (ડ.હ.): વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. પ્રેમમાં પ્રપંચ થાય.
સિંહ (મ.ટ.): વારસાના ઝઘડા વધી શકે છે. જમીન-ખેતીવાડીનાં કામમાં મદદ મળે.
કન્યા (પ.ઠ.ણ.): અચાનક પ્રવાસ થાય. મિત્રો સાથે વિવાદ થાય. દલાલીના કામ થાય.
તુલા (ર.ત.): વાણી પર કાબૂ રાખવો. ખાણી-પીણીનાં ધંધામાં લાભ થાય. ઉધરાણીની ચિંતા રહે.
વૃશ્ચિક (ન.ચ.): સમાજમાં અશાંતિ વધે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. દાંપત્યમાં ગરબડ રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.): પોલીસ લફરા થઈ શકે છે. પ્રવાસમાં સામાન સાચવવો. ગુપ્ત ભય સતાવે.
મકર (ખ.જ.): મિત્રો, સંતાન, જીવન સાથી સાથે વિવાદથી અશાંતિ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી.
કુંભ (ગ.સ.શ.ષ.): નોકરીમાં નવી જવાબદારી મળે. ધંધામાં આર્થિક લાભ થાય. પિતાનો સાથ મળે.
મીન (દ.ચ.ઝ.થ.): વિદેશનાં કામમાં વિઘ્નો આવે. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે. ગુપ્ત ભય સતાવે.

કોઇ પણ સાલમાં

09 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ છતાં પ્રગતિ-જનક રહે. નોકરીમાં પ્રમોશન સાથે જવાબદારી વધે. ધંધા-વ્યવસાયમાં મિત્રો-વડીલોની મદદથી નવી યોજના પાર પડે. નવી ટેકનોલોજીથી લાભ થાય. સંતાનોનાં કામ પાર પડે. નવા રોકાણમાં માર્ગદર્શન મળે. વડીલોની સલાહ સમાજ-જીવનમાં કામ લાગે. ઉમર લાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અવરોધ પેદા થાય. ખેતી, જમીન, મકાન, વાહનના કામમાં કાયદાકીય મદદથી રાહત થાય. વારસાના કામ થાય. આરોગ્ય સામાન્ય રહે. વિદ્યાર્થીઓને તક મળે. વિદેશનાં કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર, નવેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં અશાંતિ વધે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

કોઇપણ કંપનીની ઘરઘંટી રીપેરીંગ તથા સ્પેર-પાર્ટસ માટે મળો મો-9512285915 9924946258 (1901)

કબુતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટીંગ રોયલ નેટ સ્પાઈક 9737166947, 8758533196

ઘરબેઠા LED, LCD PLAZMA TV રીપેરીંગ સાંઇકૃપા ઇલેક્ટ્રોનીકસ અડાજણ 9313600618 (1948)

પાણીની ટાંકીની સફાઇ વૈજ્ઞાનિક પદ્ધતિથી સંપૂર્ણ બેકટેરિયા નાબુદી સંપર્ક: 9227926306 (1945)

Cm Pest Control લાઇફ ટાઇમ ખાત્રીપૂર્વક ઉધઇની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

President Pest Control 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ. 9825819250

શુભપ્રસંગે આઈસ્ક્રીમ, ફ્રુટ ક્રીમ, બદામશેક, કુલ્ફી, કોકો, સારી ક્વોલીટીનો વ્યાજબી ભાવે મળશે, ઓર્ડર માટે 9825949487, 7567368275, (કેટરર્સવાલા પણ સંપર્ક કરે) (1986)

ઘરબેઠા TV, LCD, LED રીપેરીંગદરેકવિસ્તારમાંદામીની ઇલેક્ટ્રોનિકસ અડાજણ, 9898302700 (1999)

લાઈફ હિંચકાના કડા 750 જોડીના, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ વગર ગેરન્ટેડ ફિટીંગ : 8460222292 (2003)

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ ઇલેક્ટ્રોનિકસ, મોબાઈલ, રીમોટ, વિનોદ રેડિયો. લાલદરવાજા, 9328436184 (2005)

મિલ્કત ભાડેથી

જોઈએ છે દુકાન ભાડેથી 500 Sq.Ft ટોયલેટ બાથરૂમ સાથે Area: Vesu, Piplod, Parlepoint, City Light, VIP Road, 6355081823.

સચીન ગુ.હા. બોર્ડ દુકાનો ભાડેથી આપવાની છે મો.નં. 9913309700 (2001)

નોકરી વિષયક

ફિલ્ડ વર્ક માટે માણસો જોઈએ છે. ધો.12 પાસ બાઈક હોવું જરૂરી. સ્ટાર્ટીંગ સેલેરી 18,000/- ઈન્સ્યુરન્સ ફિલ્ડના અનુભવીને પ્રેફરન્સ જે. કે. ઈન્વેસ્ટિગેશન-સુરત - 9909033148, 9879365788, 0040404871

REQUIRED Software Developer Skill:. NET, PHP, SQL, JavaScript Send resume at hr@snehinfotech.com or call 9426115755 (2022)

જોઈએ છે કંપનીમાં સ્ટાફ અનુભવી / ફ્રેશર એડમીન મેનેજર, એકાઉન્ટંટ, કોમ્પ્યુટર ઓપરેટર, રીસેપ્સનીસ્ટ, ટેલીકોલર સુપરવાઈઝર ટેકનીશ્યન, હેલ્પર, પ્યુન ડિલીવરીબોય કાઉન